જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૦૯/૨૦૧૮ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૮૦૩/૧૮

લગ્નવિષયક વેબસાઇટો પર સિધ્ધાર્થ મહેરા નામની બનાવટી પ્રોફાઇલ બનાવી લગ્નની લાલચ આપી લાખોની ઓનલાઇન છેતરપીંડી કરનાર જુલીયન સિન્હાને ઝડપી પાડતી સાયબર ક્રાઇમ, અમદાવાદ શહેર

ફરીયાદી બેન નાઓએ સાયબર ક્રાઇમ ખાતે આવી જણાવેલ કે, સોશીયલ મેટ્રીમોનીયલ સાઇટ **shadi.com** ઉપર ફરીયાદી બેન નાઓએ નવો જીવનસાથી શોધવા માટે પ્રોફાઇલ બનાવેલ હોય જે પ્રોફાઇલમાં ફરીયાદીશ્રીએ પોતાનો મોબાઇલ નંબર મુકેલ હોય ગયા જાન્યુઆરી/૨૦૧૮ ના માસમાં સિધ્ધાર્થ મહેરા નામની વ્યક્તિનો ફોન આવેલ અને જણાવેલ કે "પોતે કચ્છ નલીયા ખાતે આર્મીમાં મેજર તરીકે નોકરી કરે છે અને તેના માતા-પિતા પણ આર્મીમાં હતા" તેમ જણાવી ફરીયાદી સાથે વોટ્સએપ મારફતે વાતચીત કરી ફરીયાદીને વિશ્વાસમાં લઇ લગ્ન કરવાની લાલચ આપી વિશ્વાસમાં લઇ પોતાને આર્મી હાઉસીંગના રૂ. ૪૯,૫૦૦/- ભરવાના છે તેમ જણાવી પોતાના બેંક એકાઉન્ટમાં રૂપીયા ભરાવડાવી પૈસા પરત નહિ આપી છેતરપીંડી કરેલાની હકીકત બાબતે અત્રે સાયબર ક્રાઇમના નાયબ પોલીસ કમિશ્નર શ્રી ડૉ.રાજદીપસિંહ ઝાલા નાઓને રજુઆત કરતાં સદરી બાબતેની ગંભીરતાને ધ્યાનમાં લઇ ખાસ પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ સાહેબ સાથે ચર્ચા કરતા ઉકત અધીકારીશ્રીઓએ આ બાબતે તાત્કાલીક ગુનો દાખલ કરી આરોપીને પકડી પાડવા સારુ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી જે.એસ.ગેડમ નાઓને જરૂરી સુચના અને માર્ગદર્શન આપતાં પો.સ.ઇ.શ્રી એસ.એમ.સિસોદીયા નાઓએ સદરી બાબતે ડીસીબી પોલીસ ફ.ગુ.ર.નં. ૬૭/૨૦૧૮ ધી ઇપીકો કલમ ૪૨૦ તથા ધી આઇટી એક્ટ કલમ ૬૬સી,ડી મુજબનો ગુનો તા. ૧૫/૦૯/૨૦૧૮ ના રોજ દાખલ કરાવી ગુનાની આગળની વધુ તપાસ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી જે.એસ.ગેડમ નાઓએ સંભાળી પો.સ.ઇ.શ્રી ડી.જે.જાડેજા નાઓએ જરૂરી ટેકનીકલી પુરાવા તથા મોબાઇલ લોકેશન તથા સીડીઆર એકત્રીત કરતાં આરોપી અમદાવાદ શહેરના ચાંદખેડા વિસ્તારનો હોવાનુ જણાઇ આવેલ જે આધારે પોલીસ સબ ઇન્સ્પેક્ટર ડી.જે.જાડેજા નાઓને જરૂરી પોલીસ ટીમ સાથે ચાંદખેડા અમદાવાદ ખાતે જઇ તપાસ કરતાં આરોપી જુલીયન ઉર્ફે સિધ્ધાર્થ મહેરા સ/ઓ વિકટર સિન્હા ઉ.વ ૪૨ રહે, બંગ્લા નંબર ૧૦ આવકાર એકલેવ ટીપી-૪૪ પાસે પોદારસ્કુલની પાસે ન્યુ સીજી રોડ ચાંદખેડા અમદાવાદ શહેર નાનો મળી આવતાં સદર ગુનાના કામે ગઇકાલ તા.૧૫/૦૬/૨૦૧૮ ના રોજ પોલીસ ઇન્સ્પેક્ટર જે.એસ.ગેડમ નાઓએ પકડી અટક કરેલ છે. સદરી આરોપી પાસેથી ગુનાના કામે ઉપયોગ કરેલ મોબાઇલ ફોન કબ્જે કરવામાં આવેલ છે.

સદરી આરોપીની પુછપરછ કરતાં જાણવા મળેલ કે, સદરી આરોપી મુળ ઉત્તરપ્રદેશનો વતની છે અને ધોરણ- ૧૦ નાપાસ છે. સદરી આરોપીએ મેટ્રીમોનીયલ સાઇટ jeevansathi.com, Shadi.com, bharatmatrimony.com, defensematrimony.com જેવી લગ્ન વિષયક વેબસાઇટો પર પ્રોફાઇલ બનાવેલ છે.

(૧) સદરી આરોપી અગાઉ સ.ને ૨૦૧૧ માં આર્મીના નિવૃત સુબેદારને રીલાયન્સમાં નોકરી અપાવવાના છેંતરપીંડીના ગુનામાં અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ ખાતે પકડાયેલ છે.

(૨) સને ૨૦૧૩ માં Shadi.com પર થી વડોદરાની કોઇ છોકરીનો કોન્ટેક નંબર મેળવી તેની સાથે લગ્ન કરવાની વાત કરી તેની પાસે થી ધંધા માટે ૯૦ હજારની જરુર છે તેમ કહી તેની પાસેથી ૯૦ હજાર રોકડા લઇ લીધેલ તે ગુનામાં વડોદરા શહેર ખાતે પકડાયેલ છે

(૩) સ.ને ૨૦૧૬ માં Shadi.com પર થી અમદાવાદ ની એક મહિલાનો નંબર મેળવી તેની સાથે લગ્ન કરવાનું જણાવી ધંધા માટે ૩૦ લાખ લીધેલા અને આ છોકરી સાથે લગ્ન કરેલ ન હોય તે ગુનામાં સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે પકડાયેલ છે.

(૪) સદરી આરોપીએ અઠવાડીયા પહેલાં ટાઇમ્સ ઓફ ઇન્ડીયા ન્યુઝ પેપરમાં લગ્ન વિષયક જાહેરાત વાંચી દિલ્હી ખાતે રહેતી એક મહિલાનો સંપર્ક કરેલ અને આર્મી મેજર સિધ્ધાર્થ મહેરા નું જણાવી પોતાનું પોસ્ટીંગ જમ્મુ કશ્મીરમાં છે અને આંતકવાદીઓ સામે લડવા માટે આર્મીમાં એન્ટી ટેરરીસ્ટ ફંડ એકઠ્ઠ કરવામાં આવે છે જેમાં તમો રૂ. ૩ લાખ જમા કરાવો તેમ જણાવી દિલ્હી ખાતે રહેતી મહિલાને વિશ્વાસમાં લીધેલ જેથી આ મહિલા બે દિવસ પછી રૂ. ૩ લાખ જમા કરાવવાની હતી પરંતુ તે પહેલાં દિલ્હીની મહિલાનો સંપર્ક કરી હકીકતથી વાકેફ કરેલ છે. અને દિલ્હી ખાતે ગુનો દાખલ કરાવવાની તજવીજ ચાલુ છે. સદરી આરોપીની કોલ ડીટેલ્સ આધારે તપાસ કરી કોણ કોણ ભોગ બનેલ છે તેની આગળની તપાસ ચાલુ છે.

આ કામના આરોપીની પુછપરછ દરમ્યાન અને કોલ ડીટેલ્સના આધારે તપાસ કરતાં ભારતમાં કુલ ૨૫ રાજ્યોમાં અલગ અલગ લોકો સાથે છેતરપીંડી કરેલ છે.

## <u>ચોરીની એક્સેસ મો.સા. સાથે એક ઇસમને ઝડપી પાડતી ક્રાઇમબ્રાન્ચ</u>

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં નાયબ પોલીસ કમિશ્નરશ્રી દીપન ભદ્રન તથા ઇન્ચાર્જ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એસ.એલ.ચૌધરી નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં વાહનચોરી અટકાવવા સારુ તેમજ વાહચોરીના ગુન્હામાં સંડોવાયેલ આરોપીઓને શોધી કાઢવા સારુ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આપેલ. જે અનુસધાને ક્રાઇમ બ્રાન્ચના પોલીસ ઇન્સ્પેકટર શ્રી બી.પી.રોજીયા, તથા પો.સ.ઇ શ્રી એસ.જે.જાડેજા, શ્રી આઇ.એસ.રબારી, શ્રી એસ.બી.દેસાઇ, તથા સ્ટાફનાં માણસોને મળેલ બાતમી હકિકત આધારે આરોપી કનુ ઉર્ફે કનીયો S/O ગોવાભાઇ જાતે મકવાણા ઉવ. ૨૮ રહે. ખોડીયાર નગરના નવા છાપરા, ચામુંડમાના મંદિરની ગલી, આંબેડકર બ્રિજ પાસે, બહેરામપુરા, દાણીલીમડા, અમદાવાદ શહેર મુળગામ:- થરા તા.જી.પાટણ નાને સુઝુકી એક્સેસ મો.સા કિં.રૂ,૨૦,૦૦૦/- સાથે ઝડપી પાડેલ છે.

પકડાયેલ આરોપીની પુછપરછ કરતા બે ત્રણ દિવસ પહેલા પોતે શાહઆલમ વિસ્તારમા મજુરી કામ માટે ગયેલ પરંતુ મજુરી કામ ન મળતા પોતાની પાસે ભાડા ના પૈસા ન હોય ગઇ તા.૧૩/૦૯/૨૦૧૮ ના રોજ પોતાની સાથેના યુવક પાસે દાણીલીમડા કબાડી માર્કેટ ના ગેટ પાસે રોડ ઉપર પાર્ક કરેલ એકસેસ મો.સા ની ચોરી કરાવેલ અને પોતે તેનો ઉપયોગ કરતો હોવાનુ જણાવેલ જેથી પકડાયેલ આરોપી અને મુદ્દામાલ દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં સોંપવા સારુ તજવીજ કરવામા આવેલ છે

**<u>આરોપીનો ગુનાહીત ઇતિહાસ:-</u>**

પકડાયેલ આરોપી અગાઉ સને-૨૦૧૧ માં દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં ખુનની કોશિષ ના ગુન્હામા પકડાયેલ છે તથા એક વર્ષ પહેલા ઓઢવ પોલીસ સ્ટેશનમાં દેશી દારુના ૩ કેસોમાં પકડયેલ જે કેસોમા રાજકોટ જેલમા પાસા અટકાયત થયેલ છે.

**સોશીયલ મીડીયા ફેસબુક પર પ્રોફાઇલ ફોટા અપલોડ કરી તેના પર અશ્લીલ અને બિભત્સ કોમેન્ટ કરનાર આરોપીને પકડી પાડતી સાયબર ક્રાઇમ, અમદાવાદ શહેર.**

ફરીયાદી ભંવરસિંહ ધીલાસિંહ ચૌહાન જાતે ચૌહાન રહે. એ-૧, ૪૦૪ મધુવન ગ્લોરી, શ્રી રામચોક જોડે, નવા નરોડા, અમદાવાદ શહેર નાઓએ સાયબર ક્રાઇમ ખાતે આવી ફરીયાદ આપી જણાવેલ કે, આજથી છ માસ પહેલા સોશીયલ મીડીયા માં ફેસબુક પર Dev Singh Rajput ના નામનું ફેસબુક એકાઉન્ટ બનાવી ફરીયાદી નો ફોટો અપલોડ કરી બિભસ્ત કોમેન્ટ કરી ફરીયાદીના સગા સંબંધીઓને ફેસબુક મા ટેગ કરી બદનામ કરવાના ઇરાદાથી ફોટા તથા કોમેન્ટ કરેલ હોવાની હકિકત ફરીયાદીશ્રીએ જણાવતા ડી.સી.બી. પો.સ્ટે. સે.ગુ.ર.નં. ૩૦૮૦/૨૦૧૮ ધી આઇટી એકટ કલમ ૬૬(સી), ૬૭, મુજબનો ગુનો તા.૧૪/૦૯/૨૦૧૮ ના રોજ દાખલ થતા ગુનાની આગળની વધુ તપાસ પોલીસ ઇન્સ્પેકટર શ્રી વી.બી.બારડ નાઓએ સંભાળી લીધેલ હતી.

અમદાવાદ શહેર ક્રાઇમબ્રાન્ચના ખાસ પોલીસ કમિશ્નરશ્રી જે.કે. ભટ્ટ સાહેબ તથા સાયબર ક્રાઇમબ્રાંચના નાયબ પોલીસ કમિશ્નર શ્રી ડૉ.રાજદીપસિંહ ઝાલા સાહેબ તથા ઇ/ચા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી જે.એસ.ગેડમ નાઓની સુચના તેમજ માર્ગદર્શન મુજબ પોલીસ ઇન્સ્પેકટર શ્રી વી.બી.બારડ નાઓએ સ્કવોડના પો.સ.ઇ.શ્રી એસ.વી.ગળચર તથા એ.એસ.આઇ. ધનેશ્વર વિરમભાઇ રબારી નાઓ ને સાથે રાખી ગુના બાબતે જરૂરી ટેકનીકલી પુરાવા એકત્રીત કરી તપાસ કરતાં આરોપી સદામહુસેન s/o સાહબુદીન અંસારી ઉ.વ.૨૭. રહે- ૧૯૪૩/૧૨ પટેલ ચાલ, કામદાર મેદાન ની નજીક, ગોમતીપુર, અમદાવાદ શહેર ના હોવાનુ જણાતા મજકુરને તા.૧૫/૦૯/૧૮ના રોજ ગુનાના કામે અટક કરવામા આવેલ છે અને તપાસ દરમ્યાન આરોપીની પુછપરછ કરતા ફરીયાદી અને આરોપી સમલૈંગિક સબંધો રાખતા હતા બાદ ફરીયાદી આરોપી સાથે આવા સબંધ રાખવા માંગતા ના હોય જેના કારણે બન્ને વચ્ચે મનદુખ થતા આરોપી એ દ્રેષ ભાવ રાખી ફેસબુક પર ખોટી પ્રોફાઇલ બનાવી ફરીયાદીના ફોટા અપલોડ કરી બિભ્તસ કોમેન્ટ કરેલ હતી. આ કામે આરોપીએ પ્રોફાઇલ બનાવવા ઉપયોગમાં લીધેલ મોબાઇલ કબ્જે કરવામા આવેલ છે.

**<u>ઓછા દરે લોન આપવાના બહાને જુદા જુદા કસ્ટમરોને ફોન કરી આમ જનતાને HDFC બેંકમાંથી બોલતા હોવાનો ભરોસો આપી જુદી જુદી કંપનીની પોલીસીઓ લેવડાવી લોકો સાથે છેતરપીંડી કરનારને શોધી પકડી પાડતી સાયબર ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર.</u>**

આ કામના ફરીયાદી શ્રી શાન્તિભાઇ કરશનભાઇ પટેલ ઉ.વ.૫૫ રહેવાસી.૭૭ કર્ણાવતી પાર્ક, શિણોમણી બંગ્લોઝ સામે, એક્સપ્રેસ હાઈવે સામે, સીટીએમ. ખોખરા અમદાવાદ નાઓની ફરીયાદના કામે હકિકત એવી છે કે આ કામના ફરીયાદીને આરોપીઓએ કોલ કરી ઓછા દરે લોન આપવાની લાલચમાં લાવી એકબીજાની સાથે મદદાગારી કરી ફરીયાદી પાસેથી HDFC life, FUTURE GENERALI, BAJAJ Allianz Life Insurance Company, EXIDE Life Insurance નામથી અલગ અલગ પોલીસીઓ લેવડાવી આ પોલીસીઓ પેટે પ્રિમિયમની રકમ રૂપિયા ૪,૯૦,૦૦૦/- કંપનીના એકાઉન્ટમાં ચેકથી ભરાવી ઉપરોક્ત પોલીસી લેવડાવ્યા બાદ તે પોલીસીના ડેમેટ એકાઉન્ટ માટે, ટ્રાન્જેક્શન માટે, જીએસટી માટે એમ અલગ અલગ બહાના હેઠળ ટુકડે ટુકડે કુલ્લે રકમ ૧૯,૯૯,૯૦૦/- RTGS થી ઉપરના અગલ અગલ બેંક એકાઉન્ટમા ભરાવી બન્ને રકમ મળી કુલ્લે રૂ. ૨૪,૮૯,૯૦૦/- (ચોવીસ લાખ નેવ્યાસી હજાર નવસો) ની રકમ મેળવી લઈ આ રકમોથી રૂ. ૪,૯૦,૦૦૦/-ની જુદી જુદી પોલીસીઓ

ફરીયાદીને જે તે જણાવેલ કંપનીની સાચી પોલીસીઓ આપેલ પરંતુ તે સિવાયની બાકીની કુલ રકમ રૂપિયા ૧૯,૯૯,૯૦૦/-ની રકમ ફરીયાદી પાસેથી ઉપરોકત સામાવાળાએ લોભામણી વાતો કરી મોટી રકમ આપવાની લાલચમાં લાવી ફરીયાદી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરેલ છે. જે બાબતે ફરીયાદીશ્રીએ ફરીયાદ આપતાં ગુનો રજીસ્ટર કરવામાં આવેલ. જેથી આ ફરીયાદ સબંધે

અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચના ખાસ પોલીસ કમિશનર શ્રી જે.કે.ભટ્ટ સાહેબ, સાયબર ક્રાઈમ બ્રાન્ચ નાયબ પોલીસ કમિશ્નર શ્રી ડૉ.રાજદિપસિંહ ઝાલા સાહેબ તથા ઈન્ચાર્જ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી જે.એસ. ગેડમ સાહેબ નાઓએ ઉપરોક્ત બનાવને ગંભીરતા લઇ આવા પ્રકારના ઓછા દરે લોન આપવાના બહાને પોલીસીઓ લેવડાવી છેતરપીંડી કરવાના ફ્રોડના બનાવો તાજેતરમાં મોટા પ્રમાણ બનતા હોય તેને ત્વરીત શોધી કાઢી આરોપી પકડી પાડવા સાયબર સેલના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી વી.બી.બારડ નાઓને હુકમ કરતાં તેઓએ ફરીયાદ નો અભ્યાસ કરી ટેકનીકલી એનાલીસિસ કરતાં આ કામના આરોપીઓ નોઇડા ઉત્તરપ્રદેશ ખાતે રહી આવા ફ્રોડને અંજામ આપતી હોવાનુ પ્રસ્થાપીત થતાં પો.સ.ઇ.શ્રી આર.કે.સોલંકી, પો.સ.ઇ. શ્રી એચ.એન.પ્રજાપતિ તથા પોલીસ ટીમના માણઓને આરોપીને ઉત્તર પ્રદેશ નોઇડા મુકામે થી આરોપીની ભાળ મેળવવા સુચના કરેલ દરમ્યાન આરોપી બાબતે તપાસ કરતાં આરોપી ઝેડ/૧૧૭ સેકન્ડ ફલોર સેકટર -૧૨ નોઇડા જિ. ગૌતમ બુધ્ધનગર ઉત્તરપ્રદેશ ખાતે કોલ સેન્ટર ચલાવતા હોય નોઇડા ખાતેથી આરોપી નં (૧) પ્રશાંત સ/ઓ પ્રેમાનંદ બ્રિજનાથસીંગ ઉ.વ. ૨૪ રહે. ઝેડ/૧૧૭ સેકન્ડ ફલોર સેકટર -૧૨ નોઇડા જિ. ગૌતમ બુધ્ધનગર ઉત્તરપ્રદેશ નાને તા.૧૩/૦૯/૧૮ ના રોજ કલાક ૧૫/૦૦ વાગે નોઇડા ખાતેથી અટક કરી અત્રે લાવવામાં આવેલ છે. જે આરોપીના દિન-૪ ના પોલીસ રિમાંડ મેળવવામાં આવેલ છે.

આ કામે પકડાયેલ આરોપીની સઘન પુછપરછ કરતાં પોતે ફેક કોલ સેન્ટરમાં સને- ૨૦૧૬ થી અંકુશ પબ્લીકેશન નામની કંપની રાજીવ ચોક કનોટ પેલેસ દિલ્લી ખાતે નોકરી કરતો હતો જે કોલ સેન્ટર તથા મેનેજર ના કયા મુજબ કોલર તરીકે પોતે તથા દિપક તથા નેહા તથા કોમલ નામના છોકરી છોકરાઓ કામ કરતા હતા અને પોતાને ઓફિસ તરફથી જે પણ ડેટા આપવામાં આવતો હતો તે ડેટામાં જણાવેલ ફોન નંબરવાળા માણસોને ફોન કરી પોલીસી લેવા માટે સમજાવતા હોવાનુ તેમજ કોલ કરેલ કસ્ટમરની ડીટેલ્સ મેળવી સંચાલક અને મેનેજરને ફોરવર્ડ કરતો હોવાનુ જણાવેલ છે. અને સીનીયર દ્વારા કસ્ટરમને જુદી જુદી રીતે કસ્ટમરોને કન્વીઝર કરી જુદી જુદી પધ્ધતીથી લોભ લાલચ આપી આર.ટી.જી.એસ.ટી દ્વારા જુદા જુદા બેંક એકાઉન્ટમાં નાણાં જમા કરાવી મેળવી લેતાં હોવાની હકિકત જણાવેલ છે.

<u>આરોપી પાસેથી કબ્જે કરેલ મુદ્દામાલ</u> :- મોબાઇલ ફોન – ૦૩ મળી આવેલ છે.

<u>આરોપીઓનો</u> <u>પુર્વ</u> <u>ઇતિહાસ</u> :-

(૧) આ કામના આરોપ પ્રશાંત : જે બી.એ. સુધી નો અભ્યાસ કરેલ છે અને મુળ છોટી સેરીયા તા.બાસડી જિ. બલિયા ઉત્તરપ્રદેશનો વતની છે અને જે છેલ્લા ત્રણ વર્ષથી દિલ્હી માં અંકુશ પબ્લીકેશન નામની કંપનીમાં નોકરી કરેલ છે.

**દાણી લીમડા પોલીસ સ્ટેશન વિસ્તાર માથી તા-૧૩/૦૯/૨૦૧૮ ન રોજ રાત્રીના સમયે નારોલ રોડ ઉપર આવેલ જયઅંબે પે એન્ડ પાર્કીંગ માથી ચોરી કરેલ રોકડા રૂપીયા ૧૬,૬૦૦/ તથા બે મોબાઈલ ફોન કીમત રૂપીયા ૯૦૦૦/-નો મુદ્દામાલ રીકવર કરતી વેજલપુર પોલીસ .**

આજરોજ પોલીસ કમીશનર સેકટર ૧ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમીશનર સાહેબ શ્રી ઝોન ૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમીશનર સાહેબ શ્રી "એમ" ડિવીઝન સાહેબ નાઓએ મૌખીક સુચના આપેલ કે વાહન ચોરી તથા ઘરફોડ ચોરી તેમજ લુટના ગુન્હાઓ બનતા અટકાવવા સારૂ તેમજ બનેલ મીલકત સબંધી ગુન્હાઓ શોધી કાઢવા સારુ તેમજ કાયદો અને વ્યવસ્થા જાળવા સારુ સુચના કરતા સીનીયર પોલીસ ઈન્સ્પેકટર શ્રી એ વી પટેલ સાહેબના સીધા માર્ગદર્શન હેઠળ પ્રો પો સ ઈ એ.ડી દેસાઈ તથા બીજા સ્ટાફના માણસો સાથે પો સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના હેડ કોન્સ સુર્યકાંત ભીખાભાઈ બનં ૮૧૯૪ તથા પો કોન્સ નરેન્દ્રસિંહ દાનસિંહ બનં ૧૦૦૩૫ નાઓને સંયુકત બાતમી હકીકત આધારે આરોપી નામે મોહમંદઆઝમ હામીદઅલી અંસારી ઉવ ૨૬ રહે હાલ રહે એસ.એસ.કેટરર્સ, અર્પણ સ્કુલની પાછળ, નિરાન ચોકડી, રામોલ અમદાવાદ શહેર મુળ વતન મનં ૧૪૯ સરાયકલા, સહસપુર, અહત્માલી, બિજનૌર, સહસપુર ઉતરપ્રદેશ તથા (૨) વિરુસિંગ ઉર્ફે રવીશંકરસીંગ હરીહરસિંગ રાજપુત ઉવ ૨૩ રહે વેરાઈ માતાની ચાલી, વિલસન હોટલની પાછળ, નારોલ અમદાવાદ શહેર નાઓના કબ્જામાંથી રોકડા રૂ ૧૬,૬૦૦/- તથા મોબાઈલ ફોન નંગ-૦૨ જેની કિમત રૂ ૯,૦૦૦/- મળી કુલ્લે કિમત રૂ ૨૫,૬૦૦/-નો મુદામાલ સીઆરપીસી ૧૦૨ મુજબ રીકવર કરી સદરી આરોપીને આજરોજ તા ૧૪।૦૯।૨૦૧૮ ના કલાક ૨૦।૦૦ વાગે પકડી અટક કરી દાણીલીમડા પોલીસ સ્ટેશન વિસ્તારમા થયેલ ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલી પ્રશંસનીય તથા ઉમદા કામગીરી કરેલ છે તા ૧૪।૦૯।૨૦૧૮

**<u>શાહપુર પોલીસ સ્ટેશન :</u>**

**આરોપીને પાસા હેઠળ અટકાયત કરવા બાબત**

**મિલકત સબંધી ગુનાઓમાં**

**મે પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી ક્માંક/PCBADTN/પાસા/૮૪૬/૨૦૧૮ તા.૧૧/૦૯/૨૦૧૮ આધારે ક્રિષ્ણા ઉર્ફે અજય ઉર્ફે માસીબા મહેન્દ્રભાઈ જાતે-દાંતણીયા (પાવૈયા) ઉ.વ-૨૦ રહે-દરગાહની ચાલી ઓતમપોળ સામે હડકાઈ માતાના મંદીરની પાછળ નાગોરીવાડ શાહપુર અમદાવાદ શહેર નાઓ વિરૂધ્ધમાં દાખલ થયેલ મિલકત સબંધી ગુન્હામાં સદરી વિરૂધ્ધ પાસા હુકમ થયેલ હોય સદરી આરોપીબહેન ને તા.૧૫/૦૯/૨૦૧૮ ના કલાક.૧૮/૦૦ વાગે પાસા અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી "રાજકોટ" જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવા સારૂ મોકલી આપવા તજવીજ કરેલ છે તા.૧૫/૦૯/૨૦૧૮**

## <u>નિકોલ પોલીસ સ્ટેશન :</u>

<u>પ્રોહીબિશનનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી નિકોલ પોલીસ સ્ટેશનની પોલીસ તા:૧૫/૦૯/૧૮</u>

---

નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫, અમદાવાદ શહેરનાઓની સુચના આધારે તેમજ મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન અમદાવાદ શહેરનાઓના સીધા માર્ગદર્શન હેઠળ નિકોલ પો.સ્ટે વિસ્તારમાં ચાલતી ગેર કાયદેસર પ્રોહી/જુગારની પ્રવુતીઓ સાથે સંકળાયેલા ઈસમો અંગે તેઓની ગે.કા. પ્રવુતિ અંગે હકિકતો મેળવી તેઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવા સારૂ પોલીસ ઇન્સપેકટર શ્રી એચ.બી.ઝાલા નાઓની રાહબરી હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ.શ્રી એસ.વી.પટેલ તથા અ.હેડ.કોન્સ ગૌતમભાઈ હિરાભાઈ તથા અનાર્મ પો.કોન્સ.જીતેન્દ્રસિંહ હરિસિંહ તથા લોકરક્ષક રવિરાજસિંહ કાનજીભાઈ તથા લોકરક્ષક દિનેશકુમાર હમીરભાઈ નાઓ સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન આધાર ભુત બાતમી હકીકત આધારે અગાઉ ફેકચર ગેંગનો જાણીતો અને પ્રોહી ગુન્હામાં સંડોવાયેલ પ્રોહીબુટલેગર તરીકે જાણીતો જયસિંહ ભરતસિંહ રાજપુત રહે- સ્વામીવિવેકાનંદ ચાર માળિયા મંગલ પાંડે હોલ સામે નિકોલ અમદાવાદ શહેરનાનો પોતે અથવા પોતાના મળતીયા માણસો મારફતે ગેરકાયદેસર ભારતીય બનાવટનો વિદેશી દારુનો કેટલોક જથ્થો બિનવારસી હાલતમાં મુકિતધામ જડેશ્વર મહાદેવ મંદિરની સામે આવેલ ખુલ્લી જગ્યામાં રહેલ ઝાડીમાં મુકેલ હોવાની હકિકત આધારે રેઈડ કરતા બોટલ નંગ-૭૨ કિ.રુ.૩૬,૦૦૦/- નો જથ્થો મળી આવતા જયસિંહ ભરતસિંહ રાજપુતનાની વિરુધ્ધ નિકોલ પો.સ્ટે. ખાતે પ્રોહી.ગુ.ર.નં- ૫૩૩૭/૧૮ પ્રોહી કલમ-૬૬(બી),૬૫(એ)(ઇ),૧૧૬(બી) વિગેરે મુજબનો ગુનો દાખલ કરી પ્રશનીય કામગીરી કરેલ છે

## <u>શહેરકોટડા પોલીસ સ્ટેશન :</u>

### <u>બોમ્બે વર્લી મટકાનો આંક ફરકનો જુગાર રમી રમાડતા આરોપીઓને પકડી પાડતો શહેરકોટડા પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ</u>

સંયુક્ત પોલીસ કમિ.શ્રી અમીત વિશ્વકર્મા સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૩ આર.એફ.સંગાડા સાહેબ તથા એ.સી.પી. શ્રી "ડી" ડીવીઝન સા. નાઓએ પ્રોહી/જુગારની પ્રવુત્તિ કરતા ઇસમો સામે કાયદેસરની કાર્યવાહી કરવા સુચના આપેલ જે અનુસંધાને શહેરકોટડા પોલીસ સ્ટેશનના સીની.પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એસ.એમ.ચૌધરી સાહેબ તથા સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. એસ.એસ.પરમાર તથા સ્ટાફના માણસો સાથે સર્વેલન્સ સ્કોર્ડની ઓફીસે હાજર હતા દરમ્યાન સાથેના સ્ટાફના હેડ.કોન્સ બાબુભાઇ મોહનભાઇ બ.નં.૭૫૩૧ તથા પો.કો. અરવિંદભાઇ ડાહ્યાભાઇ બ.નં.૪૯૧૭ નાઓએ સંયુક્ત બાતમી હકિકત આપેલ કે "સરસપુર તીરૂપતિ એસ્ટેટ સામે આવેલ તુલસીદાસ સ્લમ ક્વાટર્સમાં બ્લોક નં-૧ રૂમ નં-૦૫ માં જયેન્દ્રસિંહ ઉર્ફે મોન્ટુ ઠાકોર નાનો પોતાના આર્થિક ફાયદા સારૂ પોતાના મળીતિયાઓ સાથે તેના મકાનમાં બોમ્બે વરલી મટકાનો આંક ફરકનો પૈસાની હારજિતનો જુગાર રમી રમાડે છે અને હાલમાં તેની પ્રવૃતી ચાલુ છે જે આધારે હકિકતવાળી જગ્યાએ જઇ રેડ કરતા કુલ્લે જુગાર રમી રમાડતા ૦૬ જુગારીઓને પકડી તેઓની અંગઝડતીના નાણા રૂ.૩૪,૯૦૦/- તથા જુગારના આંક ફરકના નાણા રૂ.૪૧,૬૦૦/- તથા મો.ફોનો નંગ-૦૬ કિ.રૂ.૧૨,૦૦૦/- તથા ટુ વ્હીલર વાહન નંગ-૦૨ કિ.રૂ.૭૫,૦૦૦/- મળી કુલ્લે રૂ.૧,૬૩,૫૦૦/- ની મત્તાનો મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે કરવામાં આવેલ અને આ બાબતે શહેરકોટડા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં.૩૪૨૭/૨૦૧૮ ધી જુગાર ધારા કલમ ૪,૫ મુજબનો ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી કરી આગળની વધુ તપાસ હાથ ધરવામાં આવેલ હતી

ચેન સ્નેચીંગ તથા ચોરીના- ૮ ગુનામાં સંડોવાયેલો
રીઢા ગુનેગારની પાસા હેઠળ અટકાયત કરતી
પાલડી પોલીસ

# પ્રેસ નોટ

(૧) ગોમતીપુર પો સ્ટે ફસ્ટ.૭૪/૨૦૧૭ ઈ.પી.કો કલમ- ૩૭૯,૩૫૬,૧૧૪ મુજબ તથા (૨) કાગડાપીઠ પો.સ્ટે ફસ્ટ.ગુ.ર.નં- ૭૮/૨૦૧૭ ઈ.પી.કો કલમ ૩૯૨, ૧૧૪ મુજબ તથા (૩) બાપુનગર ૧૦૭/૨૦૧૭ ઈ.પી.કો કલમ- ૩૫૬,૩૭૯ મુજબ તથા (૪) બાપુનગર પો.સ્ટે ફસ્ટ.ગુ.ર.નં- ૧૫૩/૨૦૧૭ ઈ.પી.કો કલમ- ૩૭૯,૩૫૬, ૧૧૪ મુજબ તથા (૫) પાલડી પો.સ્ટે ફસ્ટ.ગુ.ર.નં- ૩૫/૨૦૧૮ ઈ.પી.કો કલમ- ૩૭૯,૩૫૬,૧૧૪ મુજબ તથા (૬) શહેર કોટડા પો.સ્ટે ફસ્ટ.ગુ.ર.નં- ૪૧/૨૦૧૮ ઈ.પી.કો કલમ- ૩૭૯ મુજબ તથા (૭) બાપુનગર પો.સ્ટે ફસ્ટ.ગુ.ર.નં- ૬૯/૨૦૧૮ ઈ.પી.કો કલમ- ૩૫૬, ૩૭૯, ૧૧૪ મુજબ તથા (૮) કાગડાપીઠ પો.સ્ટે ફસ્ટ.ગુ.ર.નં- ૭૬/૨૦૧૭ ઈ.પી.કો કલમ ૩૫૬, ૩૭૯, ૧૧૪ મુજબના કામે આરોપી તૌફીક સલીમભાઇ શેખ ઉ.વ. ૨૦ ધંધો- મજુરી રહે, મ.નં- ૨૦૦૬, ઈન્દીરાનગર આવાસ યોજના વિભાગ -૨ બળીયાદેવ મંદીરની પાસે દિપાભાઈના ગલ્લાની બાજુમાં લાંભાગામ અમદાવાદ શહેર. નાઓને પોલીસ કમીશ્નરની કચેરીના પાસા હુકમ નં ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૭૮૩ /૨૦૧૮ તા,૨૭/૦૮/૨૦૧૮ મુજબના કામે આજ રોજ કલાક ૨૨/૩૦ વાગે હુકમની બજવણી કરી ખાસ જેલ પાલારા ભુજ જેલ ખાતે અટકાયતમાં રહેવા માટે મોકલી આપેલ છે. તા,

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.